પહેલો કૂકડો બોલ્યો.
બા પડખું ફરી.
બાપાએ ખોંખારો ખાધો.
મોટોભાઈ સપનામાં કોઈકના કૂવામાં ધુબાકા મારે
નાનો શાંત. પડ્યો પડ્યો એના મનની દીવાલો પર સુવિચારો લખે.
ઉંદરો પાટલી પર દોડધામ કરે.
બોડી ભેંસ ખીલે માથું માર્યા કરે.
મંકોડિયાની[1] પેલે પાર આવેલા રસ્તા પર થઈને
ચાલ્યાં જાય કપાસનાં ગાડાં.

એક વંતરી બીજીને કહે :
બળદને ખાઈએ
કે માણસને?
બેઉ દાણા નાખી નક્કી કરે
એટલામાં બીજો કૂકડો બોલે.
બા ખાટલામાંથી ઊભી થાય,
બાપા બહાર ઓટલી પર જઈ દાતણ કરે.
મોટોભાઈ નાના ભાઈને એકા ગોખાવડાવે.
કાલે નહીં આવડે તો કાલુશા[2] સોટીએ સોટીએ મારશે.

હું પેલી વંતરીઓની સામે ઊભો રહીને કાખલી કૂટું :
લેં લેતી જા. ન તો બળદ મળ્યો, ન તો માણસ.
મગોકાકો કૂકડાના માથે મુગટ મૂકે
અને એમ શણગાર સજાવી રાજાને
ઉકરડે ચણ ચણવા મોકલી દે.

---

*1 ખેતરનું નામ*
*2 શિક્ષકનું નામ*

ડોશીને લાગ્યું કે
એનો અંત હવે નજીક છે
ત્યારે એ ચૂપચાપ ઊભી થઈ,
કાતરિયામાં વરસોથી મૂકી રાખેલાં
વાંસનાં ચાર લાકડાં
અને કાથીનું પિલ્લું
નીચે ઉતારી બાંધી દીધી
એની પોતાની એક ઠાઠડી.

બે મહિના પહેલાં જ
પરાગકાકાના છોરાની દુકાનેથી લાવીને
તાકામાં મૂકી રાખેલાં ચાર નાળિયેર બહાર કાઢી
બાંધ્યાં એમને નનામીને ચારે ખૂણે
નાડાછડીથી.

પછી મંગળકુંભાર ગયા મહિને આપી ગયેલો
એ કોરી માટલી કાઢી
એમાં મૂક્યાં બે છાણાં
અને એ છાણાં પર મૂક્યાં
એના પતિએ હૂકો ભરીને
ચૂલામાં રહેવા દીધેલો દેવતા.

પછી પિયરમાંથી આવેલાં કોરાં લૂગડાં કાઢી
પહેરીને સૂઈ ગઈ એ
નનામી પર.

સૂતાં સૂતાં એણે કલ્પના કરી :
એની આસપાસ એના ત્રણેય દીકરા
એમની પત્નીઓ અને એમનાં બાળકો સાથે ઊભાં છે,
મોટા દીકરાને તો બધાં સાથે અબોલા હતા વરસોથી
એને આવેલો જોઈને ડોશીના કાળજામાં
વહેવા લાગી ગંગા અને જમના એકસાથે.
વચલો છેક અમેરિકાથી આવેલો.

એનો હાથ ઝાલી ડોશીએ કહ્યું :
દીકરા, તને જોઈને હું વૈતરણી તરી જઈશ.
નાનાએ ચૌદ વરસે ગામ જોયું.

એનો વનવાસ પૂરો થયો એ જોઈને
ડોશીની કરોડરજ્જુ
શરણાઈ બનીને વાગવા લાગી.

પછી ડોશીએ જોયું તો
એની ડાબે અને જમણે
ઊગ્યા છે બે વેલા
એક વાલોળનો
અને બીજો ટીંડુંરાનો.

ડોશીએ હાથ લંબાવી
વાલોળના વેલા પરથી વાર્તાઓ તોડી
અને આપી પુત્રવધૂઓ, પૌત્રો અને પૌત્રીઓને.
અને ટીંડુરાના વેલા પરથી
કહેવતો તોડીને આપી ત્રણેય દીકરાઓને
અને કહ્યું : ભાઈ, આ વાલોળ અને ટીંડુંરાં
એકલા ન ખાતા
આખા ગામમાં વહેંચજો.

પછી, ડોશી જુએ છે
મહિષ પર સ્વાર થઈને આવ્યું છે
એક કેવડાનું ફૂલ.

ડોશી કહે છે : કેવડાના ફૂલ સાથે નહીં જાઉં
મગફળીનાં ફૂલ તેડવા આવે તો જાઉં.
ઈશ્વર ડોશીની અંતિમ ઇચ્છા પૂરી કરે છે.

એ સાંજે ડોશીના દીકરા
એમનાં કુટંબીજનો
અને ગામલોકો
વાલોળનું અને ટીંડુંરાનું શાક
બનાવીને ખાય છે.

મોડી રાતે ગામ લોકોને
ઝમઝર માતાના ડુંગરાઓમાંથી આવતો
ગીત ગણગણવાનો અવાજ સંભળાય છે.

એ સાંભળીને મુખી કહે છે :
“ડોશી આપણા ડુંગરાઓની રખેવાળી કરી રહ્યાં છે,
રાક્ષસોની તાકાત નથી કે
એઓ આપણા ડુંગરા ઉપાડી જાય.” ■

*જૂન ૨૨, ૨૦૧૦*
*જુલાઈ ૨૭, ૨૦૧૦*
*ઑગસ્ટ ૩, ૨૦૧૦*

બાપા દાણા જોઈ[1] રહ્યા છે
માગે છે ત્રણ ને
પડે છે બે
કેમ આવું થતું હશે?
પાછા નાખે છે.

પણ, આ વખતે ય
માગ્યા ત્રણ
ને પડ્યા બે.
સવાલ બદલ્યો તોય
જવાબ એકનો એક.

શું થયું હશે અન્નદાતાને?
"આ વખતે હે અન્નદેવ,
મૂંગા ન રહેજો."
કહી પાછા નાખ્યા દાણા
ભોંય પર.
પણ જવાબ નહીં.
"અન્નદેવની જીભ કોઈકે બાંધી દીધી હશે કે?"

---

*1 દાણા જોવા : દરદીના દેહમાં ભૂતપ્રેત છે કે નહીં એ જોવાની એક વિધિ*